# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 02-02-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. **સંસદના બંને ગૃહોમાં આજે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ રજૂ કરાશે.**
2. **યુએસ-ઇન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમે કેન્દ્રીય બજેટ 2026-27નું સ્વાગત કર્યું.**
3. **ક્રિટિકલ મિનરલ્સ મંત્રીસ્તરીય બેઠકમાં ભાગ લેવા વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી અમેરિકાના 3 દિવસના પ્રવાસે.**
4. **સરકારે કહ્યું કે, દેશભરમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં હાલમાં સાત લાખથી વધુ છોકરીઓ નોંધાઇ.**
5. **પાકિસ્તાનમાં, બલુચિસ્તાનમાં બે દિવસના મોટા લશ્કરી ઓપરેશનમાં 145 લોકોના મોત.**

.....................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS MOTION OF THANKS

સંસદના બંને ગૃહો આજે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ રજૂ કરશે. કેન્દ્રીય મંત્રી અને ભાજપ સાંસદ સર્બાનંદ સોનોવાલ લોકસભામાં આ પ્રસ્તાવ રજૂ કરશે અને તેમના સાથી પક્ષના સાંસદ તેજસ્વી સૂર્યા પ્રસ્તાવને સમર્થન આપશે.

રાજ્યસભામાં ભાજપના સાંસદ સી સદાનંદન માસ્ટર આ પ્રસ્તાવ રજૂ કરશે અને તેમના સાથી પક્ષના સાંસદ મેધા વિશ્રામ કુલકર્ણી આ પ્રસ્તાવને સમર્થન આપશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# BUDGET_USISPF

યુએસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ ફોરમ (યુએસઆઈએસપીએફ) એ કેન્દ્રીય બજેટ 2026-27નું સ્વાગત કર્યું છે . આ બજેટને એક પ્રગતિશીલ અને વ્યાપક રોડમેપ તરીકે વર્ણવ્યું છે. અંદાજપત્ર ભારતની સ્પર્ધાત્મકતાને મજબૂત બનાવે છે, રોકાણને વેગ આપે છે અને વ્યવસાય કરવાની સરળતામાં વધારો કરે છે તેમ એક નિવેદનમાં જણાવાયું છે.

વેપાર સુવિધા, કસ્ટમ્સ આધુનિકીકરણ, ટેરિફ તર્કસંગતકરણ, બેંકિંગ ક્ષેત્રના સુધારા અને વ્યૂહાત્મક ક્ષેત્રીય સમર્થન પર મજબૂત ધ્યાન ભારતને મજબૂત બનાવશે. તેમ પણ નિવદનમાં જણાવાયુ હતું.

. . . . . . . . . . . . . . . . . . . .

# DELHI CM- BUDGET

દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ કેન્દ્રીય બજેટ 2026-27 ને આગામી પેઢીનું બજેટ ગણાવ્યું છે , જેમાં ભાર મૂક્યો છે કે તેમાં આરોગ્ય અને પર્યટનથી લઈને રોજગાર સર્જન સુધીના મુખ્ય ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

આ વર્ષના બજેટમાં દરેક જિલ્લામાં કન્યા છાત્રાલયો સ્થાપિત કરવાના પ્રસ્તાવ વિશે વાત કરતા , તેમણે કહ્યું કે આ નિર્ણય મહિલાઓ માટે શિક્ષણ અને રોજગાર માટે વધુ સારી તકો સુનિશ્ચિત કરશે.

## (BYTE-REKHA GUPTA)

. . . . . . . . . . . . . . . . . . .

# SBI BUDGET

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ચેરમેન ચલ્લા શ્રીનિવાસુલુ સેટ્ટીએ કહ્યું છે કે કેન્દ્રીય બજેટ ભારતને વૈશ્વિક સ્પર્ધાત્મકતા સાથે નવીનતા અને અદ્યતન ઉત્પાદન માટે વૈશ્વિક કેન્દ્ર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

શ્રી સેટ્ટીએ જણાવ્યું હતું કે , આ વર્ષનું બજેટ નીતિ સાતત્ય , કર આગાહી જાળવી રાખે છે, જ્યારે ગ્રામીણ અને શહેરી, વારસાગત અને ઉભરતા ક્ષેત્રો વચ્ચે સુમેળ સાધવાનો પ્રયાસ કરે છે. SBI ચેરમેને નોંધ્યું હતું કે હવે ધ્યાન ચંદન , કાજુ અને માછીમારી જેવા ઉચ્ચ મૂલ્યના ઉત્પાદનો પર રહેશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# RIJIJU MOTION OF THANKS

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ કહ્યું છે કે રાષ્ટ્રપતિના અભિભાષણ પર આભાર પ્રસ્તાવ પર ચર્ચા માટે લોકસભાને કુલ ૧૮ કલાક ફાળવવામાં આવ્યા છે.

સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા શ્રી રિજિજુએ કહ્યું કે આ ચર્ચા ત્રણ દિવસ સુધી ચાલશે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે લોકસભામાં ચર્ચાનો જવાબ આપશે. દરમિયાન રાજ્યસભામાં આ મુદ્દા પર ચર્ચા કરવા માટે કુલ ૧૬ કલાક ફાળવવામાં આવ્યા છે. અને આ કાર્ય પૂર્ણ થયા પછી , લોકસભા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ પર ચર્ચા શરૂ કરશે.

બજેટ પર વિપક્ષ ધ્વારા કરાયેલી ટીકાઓને રિજિજુએ વખોડી હતી

**(બાઇટ - કિરેન રિજિજુ)**

. . . . . . . . . . . . . . . . . . . .

# JAISHANKAR - US VISIT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર આજથી અમેરિકાના 3 દિવસના પ્રવાસે રવાના થશે, જેમાં રાજ્ય સચિવ માર્કો રુબિયો દ્વારા બોલાવવામાં આવેલી ક્રિટિકલ મિનરલ્સ મંત્રીસ્તરીય બેઠકમાં ભાગ લેશે.

વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું છે કે મંત્રીસ્તરીય બેઠકમાં સપ્લાય ચેઇન સ્થિતિસ્થાપકતા, સ્વચ્છ ઉર્જા સંક્રમણ અને મહત્વપૂર્ણ ખનિજોમાં વ્યૂહાત્મક સહયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

તેમાં ઉમેર્યું હતું કે ડૉ. જયશંકર મુલાકાત દરમિયાન યુએસ વહીવટીતંત્રના વરિષ્ઠ સભ્યો સાથે પણ બેઠકો કરશે.

. . . . . . . . . . . . . . . . . . . .

# LS - GIRL EDUCATION

સરકારે કહ્યું છે કે દેશભરમાં કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં હાલમાં સાત લાખથી વધુ છોકરીઓ નોંધાયેલી છે.

આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબમાં કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે, તેમાંથી બે લાખથી વધુ છોકરીઓ અનુસૂચિત જાતિની , એક લાખ 77 હજાર અનુસૂચિત જનજાતિની અને બે લાખ 64 હજાર અન્ય પછાત વર્ગની છે. કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય યોજના જુલાઈ 2004 માં આ સમુદાયોની છોકરીઓ માટે પ્રાથમિક સ્તરે રહેણાંક શાળાઓ સ્થાપવા માટે શરૂ કરવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની સ્થાપના પાછળનો ઉદ્દેશ્ય રહેણાંક શાળાઓ સ્થાપીને વંચિત જૂથોની છોકરીઓને પ્રવેશ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ સુનિશ્ચિત કરવાનો છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# FLIGHTS TRAINS DELAYED

રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ઓછી દૃશ્યતાને કારણે અનેક ઉડ્ડયન અને ટ્રેનોની અવરજવર ખોરવાઈ છે. દિલ્હી હવાઈમથકે   એક માર્ગદર્શિકા જારી કરીને મુસાફરોને અપડેટેડ ફ્લાઇટ માહિતી માટે તેમની સંબંધિત એરલાઇન્સનો સંપર્ક કરવા જણાવ્યું છે.

ભારતીય રેલવે અનુસાર , 11 જેટલી ટ્રેનો બે કલાકથી વધુ મોડી પડી છે. મુસાફરોને સલાહ આપવામાં આવે છે કે તેઓ સ્ટેશન પર પહોંચતા પહેલા ટ્રેનોની નવીનતમ સ્થિતિ તપાસે.

. . . . . . . . . . . . . . . . . . . .

# BANGLADESH - JAMMAT-E-ISLAMI

બાંગ્લાદેશ જમાત-એ-ઇસ્લામીની મહિલા પાંખના વરિષ્ઠ નેતાઓએ પક્ષમાં મહિલાઓ પર ટોચના હોદ્દા પર રહેવાના પ્રતિબંધનો બચાવ કર્યો છે. જ્યાં ફક્ત પુરુષો જ નેતૃત્વ કરી શકે એવી વ્યવસ્થાને વાજબી ઠેરવવા માટે તેમણે ધાર્મિક દલીલોનો ઉપયોગ કર્યો છે આ ટિપ્પણીઓની આકરી ટીકા થઈ છે , ઘણા લોકો કહે છે કે તે ઊંડી પિતૃસત્તાક માનસિકતા અને લિંગ સમાનતા પ્રત્યેની અવગણના દર્શાવે છે.

આ અંગે બાંગ્લાદેશના અમારાં સંવાદદાતાએ અહવાલ આપ્યો.

**(બાઇટ - નવલસંગ પરમાર )**

. . . . . . . . . . . . . . . . . . .

# ISRAEL-REVIEW IRAN

ઈરાન સાથે વધતા તણાવ વચ્ચે ઈઝરાયલના સંરક્ષણ મંત્રી ઈઝરાયલ કાત્ઝે સૈન્યની ઓપરેશનલ તૈયારીઓની સમીક્ષા કરી છે. ઝમીરની તાજેતરની વોશિંગ્ટન મુલાકાત બાદ તેમણે આર્મી ચીફ એયાલ ઝમીર સાથે વાતચીત કરી હતી.ચર્ચાઓ ઈરાન સામે સંભવિત યુએસ લશ્કરી કાર્યવાહી સહિત તમામ સંભવિત પરિસ્થિતિઓ માટે સંકલન અને તૈયારી પર કેન્દ્રિત હતી.

દરમિયાન, ઈરાની આર્મી ચીફ અમીર હતામીએ તેહરાનમાં બોલતા ચેતવણી આપી હતી કે અમેરિકાની કોઈપણ ભૂલ ઇઝરાયલ અને સમગ્ર પશ્ચિમ એશિયા ક્ષેત્રને જોખમમાં મૂકશે.

અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે એરક્રાફ્ટ કેરિયર અબ્રાહમ લિંકનની આગેવાની હેઠળ એક વિશાળ નૌકાદળ ઈરાન તરફ આગળ વધી રહ્યું છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# BALOCH-PAK CLASHES

પાકિસ્તાનમાં, બલુચિસ્તાનમાં બે દિવસના મોટા લશ્કરી ઓપરેશનમાં ૧૪૫ લોકોના મોત થયાં છે. પ્રાંતીય મુખ્યમંત્રી સરફરાઝ બુગતીએ જણાવ્યું હતું કે આ ઓપરેશન લગભગ ૪૦ કલાક સુધી ચાલ્યું હતું.

સુરક્ષાદળના અધિકારીઓએ જણાવ્યું હતું કે નાગરિકોના વેશમાં આવેલા હુમલાખોરો હોસ્પિટલો , શાળાઓ, બેંકો અને બજારોમાં ઘૂસી ગયા હતા અને ગોળીબાર કર્યો હતો અને લોકોને માનવ ઢાલ તરીકે ઉપયોગ કરતા હતા. પાકિસ્તાનના જુનિયર ગૃહમંત્રી તલાલ ચૌધરીએ જણાવ્યું હતું કે સામાન્ય નાગરિકોને આડેધડ નિશાન બનાવવામાં આવ્યા હતા.

અલગતાવાદી બલુચ લિબરેશન આર્મીએ તેની જવાબદારી સ્વીકારી છે , અને કહ્યું છે કે તેણે સુરક્ષા દળો સામે "હેરોફ" અથવા બ્લેક સ્ટોર્મ નામનું સંકલિત આક્રમણ શરૂ કર્યું છે.તાજેતરની હિંસા તાજેતરના વર્ષોમાં આ પ્રદેશમાં થયેલા સૌથી ભયંકર હુમલાઓમાંની એક છે , કારણ કે બલુચ જૂથો વધુ સ્વાયત્તતા અને તેના કુદરતી સંસાધનોના મોટા હિસ્સાની માંગ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# RUSSIA-DRONE STRIKE

યુક્રેનના શહેર નિપ્રોમાં ખાણ મજૂરોને લઈ જતી બસ પર રશિયાએ કરેલ ડ્રોન હુમલામા 12ના મોત અને કેટલાક ઇજાગ્રસ્ત થયા છે. યુક્રેનના અધિકારીઓએ જણાવ્યું કે , રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર ઝેલેન્સકીની બંને દેશોના પ્રતિનિધિમંડળ વચ્ચે શાંતિ વાટાઘાટોનો આગામી તબક્કો યોજવાની જાહેરાતના થોડા કલાકોમાં જ આ હુમલો થયો હતો.

યુક્રેનના ઉર્જામંત્રી ડેનિસ શ્મિહાલે ટેર્નિવ્સકા ખાણ નજીક થયેલા આ હુમલાને લક્ષ્યાંકિત હુમલો ગણાવ્યો હતો.

આ અગાઉ ,યુક્રેનની કટોકટી સેવાએ જણાવ્યું કે દક્ષિણ યુક્રેનના ઝાપોરિઝ્ઝિયામાં એક પ્રસૂતિ હોસ્પિટલ પર રશિયાના ડ્રોન હુમલામાં છ લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

. . . . . . . . . . . . . . . . . . . .

# ISRAEL--RAFAH-BORDER-OPEN

ઇઝરાયલે ગાઝા અને ઇજિપ્ત વચ્ચેના રફાહ બોર્ડર ક્રોસિંગને આંશિક રીતે ફરીથી ખોલવાની જાહેરાત કરી છે. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર ,ગાઝાના રહેવાસીઓના મર્યાદિત આવાગમન માટે આ ક્રોસિંગ પ્રાયોગિક ધોરણે ખોલવામાં આવ્યું છે. લોકો આજથી આ ક્રોસિંગમાંથી પસાર થવાનું શરૂ કરે તેવી અપેક્ષા છે.

ઇઝરાયલી સૈન્ય ખાસ સ્ક્રીનિંગ સુવિધા દ્વારા રફાહ થઈને ગાઝામાં પ્રવેશતા અને જતા પેલેસ્ટિનિયન નાગરિકોની તપાસ કરશે. ગાઝામાં ઇઝરાયલના લાંબા લશ્કરી અભિયાન વચ્ચે આ ક્રોસિંગ મહિનાઓથી બંધ હતું.

. . . . . . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

. . . . . . . . . . . . .